
૧
આત્મધર્મ
માસિક : વર્ષ-૯ * અંક-૮ * એપ્રિલ, ૨૦૧૫
વિદેહમાં જિન સમવસરણના
શ્રોતા સુભક્ત યુવરાજ રે
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે...
પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૬મી જન્મજયંતી
દુષમકાળે અહો કહાન પધાર્યા
સાધકને આવ્યા સુકાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે
ઉજમબા માતાના નંદન આનંદકંદ,
શીતળ પૂનમનો ચંદ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે...

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ હે યોગી! ઈસ સંસારરૂપી વનમેં જિન બડે ભયાનક નાના પ્રકારકે કર્મરૂપી તીવ્ર શત્રુઓંકે દ્વારા અનાદિકાલસે તૂને અસહનીય દુ:ખકો પાયા હૈ, ઐસા કોઈ કષ્ટ બાકી રહા નહીં જો તૂને ન પાયા હો. ઉન કર્મરૂપી શત્રુઓંકો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી એકતારૂપી આત્મધ્યાનકી તલવારસે જડમૂલસે નાશ કરકે મોક્ષકે મહાન નગરમેં જાકર પાપરહિત આનંદસે ભરે હુએ તથા સર્વ બાધારહિત રાજ્યકો પ્રાપ્ત કર. ૧૪૭૨. *(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૩)*

✻ પ્રાથમિક અવસ્થામાં જેને આત્મદર્શન થયું છે એવા અંતરાત્માને જગત્ ઉન્મત્ત જેવું જણાય છે, અને પછીથી આત્મસ્વરૂપના અભ્યાસમાં પરિપક્વ-બુદ્ધિવાળા અંતરાત્માને આ જગત્ કાષ્ઠ પાષાણ જેવું ભાસે છે. ૧૪૭૩.

*(શ્રી પૂજ્યપાદ સ્વામી, સમાધિતંત્ર, ગાથા-૮૦)*

✻ યહ પ્રત્યક્ષ અચલ પર્વતોંકી શ્રેણી કદાચિત્ ચલાયમાન ભી હો જાય તો આશ્ચર્ય નહિ કિન્તુ સામ્યભાવમેં પ્રતિષ્ઠિત મુનિકા ચિત્ત ઉપસર્ગોંસે કદાપિ નહિ ચલતા, ઐસા લીન હો જાતા હૈ. ૧૪૭૪.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૪, શ્લોક-૩૦)*

✻ સ્વરૂપનો અનુભવ એ શિવપદ સ્વરૂપનો અનુભવ છે, ત્રિભુવનસાર અનુભવ અનંત કલ્યાણરૂપ છે, અનુભવ મહિમા ભંડાર છે, અનુભવ અતુલબોધ ફળ છે, અનુભવ સ્વરસરસ છે, અનુભવ સ્વસંવેદન છે, અનુભવ તૃપ્તિભાવ છે, અનુભવ અખંડપદ સર્વસ્વ છે, અનુભવ રસાસ્વાદ છે. અનુભવ વિમલરૂપ છે, અનુભવ અચલ જ્યોતિરૂપને પ્રગટકરણ છે, અનુભવ અનુભવના રસમાં અનંતગુણો રસ છે, પંચ પરમગુરુ અનુભવથી થયા અને થશે. સકલ સંત-મહંત-ભગવંત અનુભવ જોડે જોડાશે. માટે જે ગુણવંત છે તે અનુભવને કરો, સકલ જીવરાશિ સ્વરૂપને અનુભવો! આ અનુભવપંથને નિર્ગ્રંથો સાધી સાધી ભગવાન થયા. ૧૪૭૫. *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૯૫)*

✻ મોક્ષકા માર્ગ અમર અવિનાશી આત્માકા સ્વભાવ હૈ, યહી અવિનાશી મુક્તિકે શુદ્ધજ્ઞાનકે પ્રકાશકા સહકારી હૈ, યહી શુદ્ધ જ્ઞાનકા સાધન હૈ, ઈસ વિમલ સાધનસે કર્મ વિલા જાતે હૈ. ૧૪૭૬. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૫૦૭)*

વર્ષ–૯
અંક–૮

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૧


APRIL
A.D. 2015

# મીઠાં લાગે છે ગુરુ જન્મનાં વધામણાં

(વૈશાખ સુદ ૨, વીર સં. ૨૫૪૧, ૧૨૬મો મંગલ જન્મોત્સવ)



હે ગુરુદેવ! આજના મંગલ દિનના મંગલ પ્રભાતે લાખ લાખ અભિનંદનપૂર્વક ભારતના ભક્તો આપને વંદન કરે છે. મુમુક્ષુઓના જીવનમાં આપનો પરમ ઉપકાર છે. જૈન જગતના આપ તેજસ્વી ભાનુ છો....જ્ઞાનકિરણોના પ્રકાશ વડે આપ મોક્ષમાર્ગને પ્રકાશિત કરી રહ્યા છો...જે માર્ગને જાણતાં અને આરાધતાં આત્મા ભવબંધનથી છૂટે ને મોક્ષસુખને પ્રાપ્ત કરે.–આવા માર્ગપ્રકાશક આપ જયવંત વર્તો.





**ઉજમબા માતાના નંદન આનંદકંદ,**
**શીતળ પૂનમનો ચંદ રે,**
**સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે...**

**દુષમકાળે અહો કહાન પધાર્યા**
**સાધકને આવ્યા સુકાળ રે,**
**સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે**

# ગુરુદેવના ઉપકાર

વૈશાખ સુદી બીજ એટલે આનંદનો દિવસ....એ દિવસે માતા ઉજમબાને તો ‘પુત્રરત્ન’ સાંપડ્યું, પરંતુ આપણને તો આપણું ‘જીવન’ સાંપડ્યું, ‘ધર્મરત્ન’ સાંપડ્યું. ગુરુદેવનો તો ‘જન્મ’ થયો પણ એ જન્મે આપણા અનંત જન્મો મટાડી દીધા. અહા, ગુરુદેવના ઉપકારની શી વાત! તેઓએ સ્વયં આરાધનાની ધૂન જગાડી, આપણને પણ નિરંતર આરાધનાના ઉપદેશરૂપી અમૃતનું પાન કરાવી રહ્યા છે. અરે, તરસ્યાને ટાઢું પાણી પાનાર પ્રત્યે પણ ઉપકારવૃત્તિ જાગે છે તો આપણને આરાધનાના ઉપદેશરૂપી શાંતજળનું પાન કરાવનાર અને અનંતકાળની મોહતૃષા મટાડનાર એવા ગુરુદેવના ઉપકારની શી વાત! ભવોભવમાં એ ઉપકાર કેમ ભૂલાય?

આત્માર્થી જીવની પ્રિયમાં પ્રિય વસ્તુ હોય તો તે ‘શુદ્ધ ચૈતન્યતત્ત્વ’; તે ચૈતન્યની પ્રાપ્તિનો માર્ગ જેની પાસેથી પ્રાપ્ત થયો એવા સંત ધર્માત્માઓ પ્રત્યે આત્માર્થીના હૃદયમાં ભક્તિના ઝરા વહે છે. પરમ ઉપકારી ગુરુદેવના મંગલ જન્મોત્સવ પ્રસંગે આપણે ભાવના ભાવીએ કે શત-શત વર્ષો સુધી તેઓ તેમની વાણી દ્વારા આપણને અમૃતનું પાન કરાવે અને તેઓશ્રીની મંગલવાણી દ્વારા શુદ્ધ ચૈતન્યની આરાધના આપણે પ્રાપ્ત કરીએ.

# ધર્માત્માના અફર ફરમાન

વૈશાખ સુદ બીજ એટલે પરમ પ્રતાપી આત્મજ્ઞ સંત શ્રી કાનજીસ્વામીનો મંગલમય જન્મદિન. પરમાર્થથી તો તેઓ નિજ નિર્મળ પર્યાય પ્રગટ કરવા માટે જન્મ્યા અને અનેક ભવ્ય જીવોને નિર્મળતાના ઉત્પાદમાં નિમિત્તરૂપ થયા એટલે તેમને માટે મહા આનંદનું કારણ બન્યા.

આજે તેઓશ્રીના ૧૨૬મા જન્મોત્સવ પ્રસંગે તેમના ઉપદેશમાંથી તારવેલા કેટલાક અફર ફરમાનનું સ્મરણ કરીએ :–

* જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિથી રાગ અને પરના કર્તાપણાનો અભાવ અફર છે.
* અનેકાંતવિદ્યાની ઉપાસનાથી આત્મસિદ્ધિ અફર છે.
* ભેદવિજ્ઞાન દ્વારા આસ્રવ નિરોધ અફર છે.
* ક્ષાયિક સમકિતીનું સમ્યગ્દર્શન અફર છે.
* ક્ષપકશ્રેણિવંત આત્માની સ્વરૂપરમણતા અફર છે.
* વીતરાગી દેવની વીતરાગતા અફર છે.
* અનંતવીર્યશક્તિનું સ્વરૂપરચનારૂપ સામર્થ્ય અફર છે.
* અખંડિત પ્રતાપવંત સ્વાતંત્ર્યથી શોભાયમાન આત્માની પ્રભુતા અફર છે.
* અંતર્મુખ અવલોકન કરનારને સંસારનો વિલય અફર છે.
* સર્વજ્ઞ પ્રભુની સર્વજ્ઞતા અફર છે.
* અયોગી જિનેશ્વરનું અયોગીપણું અફર છે.
* પરમાત્માનું પરમાનંદમયપણું અફર છે.
* સિદ્ધ ભગવંતનું સિદ્ધત્વ અફર છે.

**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.** **–શ્રી નિયમસાર**

ઉપરોક્ત અફરપણાના દિવ્ય સંદેશાઓ જેઓ આપી રહ્યા છે, ત્રિકાળ અફર વીતરાગી કાયદાઓની અકાટ્ય દલીલો આપીને તે દ્વારા અનાદિકાળથી ચાલ્યા આવતા મિથ્યાત્વ પ્રતિપક્ષી ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જેઓ પ્રેરણા આપી રહ્યા છે, જેઓ અર્હન્તને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણીને, નિજાત્માને જાણવાનો અને એ જ વિધિ વડે મોહ ક્ષય કરવાનો તથા નિવૃત્ત થવાનો અફર ઉપદેશ આપી રહ્યા છે, જેઓ આત્મપરાયણ હોવાથી અફર આત્મપરાયણતાનો અમોઘ બોધ આપી રહ્યા છે, જેઓ ચૈતન્ય ભાવપ્રાણ ધારણરૂપ અફર જીવત્વનું દર્શન કરાવી રહ્યા છે, જેમના શ્રીમુખે 'પુરુષાર્થ, પુરુષાર્થ'ના અફર પડકાર આવે છે, જેમની તત્કાળ બોધક વાણીમાં ભવના અભાવરૂપ સ્વભાવના અફર ભણકારા વાગે છે, જેઓ અફર પદવીના પરમ ઉપાસક છે અને શિવરમણી વરવા માટે અફર પગલે પ્રયાણ કરી રહ્યા છે એવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની અફર આજ્ઞાઓનું પાલન કરીને, આપણે તેમના અફર અનુયાયી બનીએ. એવી ભાવના સાથે આજના મંગલમય દિને તેમને વિવિધરંગી પુષ્પોથી અત્યંત ઉલ્લસિત ભાવે વધાવીએ છીએ.

તેઓશ્રી આપણા જીવનપંથને અફરપણે નિરંતર પ્રકાશિત કરતાં રહે એવી મંગલ કામનાપૂર્વક અતિ વિનમ્રભાવે તેમને નમસ્કાર કરીએ છીએ.

---

સ્વતઃ પરિણમિત વસ્તુકે ક્યો કર્તા બનતે જાતે હો,
કુછ સમઝ નહીં આતી તુમકો, નિઃસત્ત્વ બને હી જાતે હો.

અરે ! કૌન નિકમ્મા જગમેં હૈ, જો પરકા કરને જાતે હો,
સબ અપને અંદર રમતે હૈ, તબ કિસ વિધ કરણ રચાતે હો.

વસ્તુકી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહી કર્તા હૈ,
ફિર માલિક કે માલિક બનકર, ક્યો નીતિ ન્યાય ગમાતે હો.

જો હૈ સો સ્વયં પરિણમતા હૈ, વહ નહીં કિસીસે ટલતા હૈ,
યહ માને બિન કલ્યાણ નહીં, કોઈ કૈસે હી કુછ કરતા હૈ.

**સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.** **–શ્રી નિયમસાર**

પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૬મા જન્મદિન નિમિત્તે

# આત્મપ્રેરક વચનો

* જે સંતગુરુએ આત્માનું સ્વરૂપ સમજાવીને ભવભ્રમણના દુઃખોથી છોડાવ્યા તે સંતગુરુને નમસ્કાર હો.
* આત્મસ્વરૂપ અંતરની વસ્તુ છે તેને જાણ્યા ને અનુભવ્યા વગર જગતના બધા જીવો દુઃખી છે.
* સુખ આત્માના સ્વાનુભવમાં છે; સ્વાનુભવ એ જ દુઃખ ટાળવાનો ને સુખ પ્રગટ કરવાનો માર્ગ છે.
* ધર્મીને શુભ-અશુભ વખતેય સમ્યક્ત્વની ધારા અતૂટપણે એવી ને એવી વર્તે છે.
* સ્વાનુભવમાં જે આનંદનો સ્વાદ ચાખ્યો છે તેમાં ફરી ફરી ઉપયોગ જોડવાની ભાવના ધર્મીને વર્તે છે.
* સ્વાનુભવમાં ઉપયોગ વખતે નિર્વિકલ્પદશામાં અતીન્દ્રિય આનંદનું જે વિશિષ્ટ વેદન છે તેવું સવિકલ્પદશામાં નથી હોતું.
* ધર્મી જીવને રાગરૂપ પરિણમન હોવા છતાં તેનું સમ્યક્ત્વ કાંઈ રાગરૂપ થઈ જતું નથી, તે તો રાગથી જુદું જ રહે છે.
* અહા, ધન્ય છે તે સાધર્મીઓને કે જેઓ પ્રેમથી સ્વાનુભવની ચર્ચા કરે છે.
* પ્રસન્ન થઈને આત્માની પ્રીતિપૂર્વક તેના સ્વાનુભવની વાત ઉત્સાહથી સાંભળે તે પણ મહા ભાગ્યશાળી છે.
* મોક્ષમાર્ગનું પહેલું રત્ન સમ્યગ્દર્શન છે, તેના વડે જ મોક્ષમાર્ગનું ઉદ્‌ઘાટન થાય છે.
* સ્વ-પરના યથાર્થ ભેદજ્ઞાનપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન કરીને સ્વાનુભવ સહિત શુદ્ધાત્મશ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.
* જેમ સૂર્યના પ્રકાશમાં અંધકાર રહેતો નથી તેમ ચૈતન્યસૂર્યના સ્વાનુભવપ્રકાશમાં અજ્ઞાનના અંધારા રહેતા નથી.
* અપૂર્વ અંતરપ્રયત્નવડે જેણે નિજસ્વરૂપને સાધ્યું છે એવા સમ્યગ્દષ્ટિની અંતરદશાની ઓળખાણ પણ જગતને દુર્લભ છે.

**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.** **–શ્રી નિયમસાર**

* આત્માસંબંધી જ્ઞાનમાં જ્યાં ભૂલ નથી ત્યાં બહારના જાણપણાની ભૂલ મોક્ષમાર્ગ સાધવામાં નડતી નથી.
* શુદ્ધાત્મારૂપ પ્રયોજન વગરનું બધુંય જાણપણું થોથાં છે, કેમકે તેના વડે મોક્ષમાર્ગ સધાતો નથી.
* સમ્યગ્જ્ઞાન તેને કહેવાય કે જે નિજસ્વરૂપને સાધે, નિજસ્વરૂપને ન સાધે તે અજ્ઞાન.
* સમ્યગ્જ્ઞાનનો અચિંત્ય મહિમા છે; તે જ્ઞાનના રસિલા જીવો હંમેશા વિરલા જ હોય છે.
* નિર્વિકલ્પ અનુભવ વર્તતો હોય ત્યારે જ સમ્યગ્દષ્ટિ કહેવાય, ને સવિકલ્પ વખતે ન કહેવાય—એવો નિયમ નથી.
* એવો નિયમ છે કે સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળે તો નિર્વિકલ્પ-અનુભૂતિ હોય જ.
* સમ્યગ્દર્શન તે ઉપયોગ નથી, સમ્યગ્દર્શન તે તો આત્મપ્રતીતિ છે.
* બહારમાં ઉપયોગ વખતે પણ ધર્મીને શુદ્ધાત્મશ્રદ્ધાન એવું ને એવું વર્તતું હોય છે.
* સમકિતી—મહાત્માની સ્થિતિ એવી અલૌકિક છે કે રાગ વખતેય રાગથી પાર એવી દશા તેમને વર્તી રહી છે.
* શુભભાવ વખતે સમ્યક્ત્વ હોય છે પણ શુભભાવવડે સમ્યક્ત્વ થતું નથી.
* શુભ વખતે જેને શુભથી રહિત એવા શુદ્ધાત્માની પ્રતીત વર્તે છે તે જ સમ્યગ્દષ્ટિ છે.
* ધર્માત્માની અંતરની ગુણદશાને જે ઓળખે છે તેને પોતાના સ્વભાવ ને પરભાવના ભેદવિચારની સ્ફૂરણા જાગે છે.
* પોતાના દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-પ્રભાવનાના પ્રસંગમાં ધર્મી ઉલ્લસી જાય, તેમાં લોભ કરે નહિ, પાછી પાની કરે નહિ.
* ધર્મીના ઉપયોગનું અનુસંધાન નિજસ્વરૂપ ઉપર છે, નિજસ્વરૂપના નિશાનને તે ચૂકતા નથી.
* સ્વરૂપના ચિંતનમાં આનંદતરંગ ઉલ્લસે છે, રોમાંચ થાય છે ને પછી તુરત જ વિકલ્પ તૂટીને સ્વાનુભવ થાય છે.
* નિર્વિકલ્પતાના કાળે સ્વાનુભવના પરમ આનંદનો ભોગવટો હોય છે પણ તેનો વિકલ્પ નથી.

**જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.** –શ્રી નિયમસાર

* સ્વરૂપના તીવ્ર રસથી વારંવાર તેના ચિંતનમાં ઉપયોગ જોડવો તે સ્વાનુભવનો પ્રયત્ન છે.
* આત્મસ્વરૂપના નિર્ણયમાં જ જેની ભૂલ હોય તેને ખરું ચિંતન કે સ્વાનુભવ થાય નહિ.
* જેનું ધ્યાન કરવાનું છે તેને પ્રથમ બરાબર ઓળખવું જોઈએ; ઓળખ્યા વગર ધ્યાન કોનું?
* અહા! નિરાલંબી ચૈતન્યવસ્તુ! એનું માહાત્મ્ય આવ્યા વગર એ જાગે એવી નથી.
* નિજસ્વરૂપમાં અચિંત્ય મહિમા કરતાં બીજે ક્યાંય વધુ મહિમા હોય તેનો ઉપયોગ સ્વરૂપમાં લાગે નહિ.
* સહજ શુદ્ધાત્માની જેટલી અનુભૂતિ તેટલો જ હું, મારા સ્વસંવેદનમાં આવું છે, એ જ હું–આત્મધર્મી અનુભવે છે.
* ચૈતન્યની અનુભૂતિનો ઉત્કૃષ્ટ રસ જ્યાં ઘુંટાય ત્યાં વિકલ્પ તૂટે ને આનંદતરંગ ઉલ્લસે.
* ધર્મીને પરભાવો અનુભવથી બહાર રહી ગયા, ને નિર્મળ પર્યાય અનુભૂતિમાં ભેગી ભળી ગઈ.
* અહા, આ અનુભૂતિ!!–જેના ફળમાં સંસારદુઃખનો નાશ, ને અપૂર્વ સિદ્ધસુખની પ્રાપ્તિ–એના મહિમાની શી વાત!
* પરમ વીતરાગ જૈનધર્મના અનાદિ પ્રવાહમાં તીર્થંકરો અને સંતોએ આત્મહિતના હેતુભૂત અધ્યાત્મનો પ્રવાહ વહેતો રાખ્યો છે.
* તીર્થંકરો ને સંતોનો એ અધ્યાત્મસંદેશ ઝીલીને અનેક મુમુક્ષુ જીવો પાવન થાય છે.
* વીતરાગી અધ્યાત્મરસના પાનથી સંસારના સંતપ્ત જીવો પરમ તૃપ્તિ અનુભવે છે.
* અહા! તીર્થંકરો અને મુનિઓનું જીવન તો સ્વાનુભવવડે અધ્યાત્મરસમાં ઓતપ્રોત બનેલું છે–એમની શી વાત!
* જૈનશાસનમાં અનેક શ્રાવકો પણ એવા ધર્મી પાક્યા છે કે જેમનું અધ્યાત્મજીવન અનેક જિજ્ઞાસુઓને અધ્યાત્મની પ્રેરણા જગાડે છે.
* સમ્યક્ત્વની અને નિર્વિકલ્પ સ્વાનુભવની આત્મસ્પર્શી ચર્ચાઓ પણ સમ્યક્ત્વપિપાસુને અત્યંત આહ્લાદકારી છે.

**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**　　**–શ્રી નિયમસાર**

✻ સ્વાનુભવી સંતની અદ્‌ભુત–અચિંત્ય પરિણતિનું ચિંતન કરતાં પરિણામમાં સ્વાનુભવનો ઉલ્લાસ જાગે છે.

✻ ભાઈ! સંતોએ પોતે આત્મામાં જે કર્યું તે જ તને બતાવે છે.

✻ અહા! આત્માના સ્વાનુભવથી મોક્ષને સાધવાનો આવો અવસર તને હાથમાં આવ્યો છે....માટે હે જીવ! તું જાગ.

✻ સંતોકે પ્રતાપસે સબ અવસર આ ચૂકા હૈ.....હવે શુભથી આગળ જઈને શુદ્ધતાની અપૂર્વધારા ઉલ્લસાવ.

✻ મોક્ષમાર્ગ શુદ્ધ આત્માને આશ્રિત છે, તેના વિના મોક્ષ સાધી શકતો નથી.

✻ વસ્તુ પોતાની સહજ શક્તિથી કાર્યરૂપ પરિણમે છે,–એમ જાણીને સ્વાશ્રય કરતાં મોક્ષમાર્ગ પ્રગટે છે.

✻ દરેક વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ તેની મર્યાદા છે; બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાય તેની મર્યાદાથી બહાર છે.

✻ વસ્તુસ્વરૂપની વ્યવસ્થા જાણીને સંતોએ પોતાના શુદ્ધસ્વરૂપમાં મતિને વ્યવસ્થિત કરી છે.

✻ સ્વાનુભવ વડે સંતોએ મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે, અને તે માર્ગ સાધવાનું કાર્ય કરાય છે.

✻ ઊંધા ભાવથી તારા આત્માને સંસારમાં ડૂબાડનાર શત્રુ પણ તું, ને સવળા ભાવથી તારા આત્માને તારનારો મિત્ર પણ તું.

✻ શ્રી વીરનાથની વાણીના પ્રવાહનો, તેમજ સીમંધરનાથની દિવ્યવાણીનો પણ, આ ભરતક્ષેત્રના સંતો ઉપર મહાન ઉપકાર છે.

✻ વસ્તુસ્વરૂપની જે સ્વાધીનતા છે તે જ સર્વજ્ઞદેવે જાણીને પ્રસિદ્ધ કરી છે, તે જ સંતોએ સમજાવી છે.

✻ સ્વાધીન વસ્તુસ્વરૂપની અચલિત મર્યાદાને તોડવી અશક્ય છે, એ વસ્તુસ્વરૂપને જાણે તેને શાબાશી!

✻ સ્વાધીન પરિણમનની વાત જેને બેઠી તેનું પરિણમન અંતર્લક્ષ તરફ વળ્યું ને સ્વાશ્રયે અપૂર્વ મોક્ષમાર્ગ પ્રગટ્યો.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૪ ઉપર)

**જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.** **–શ્રી નિયમસાર**

# પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૫૯મી જન્મજયંતી સૌ પ્રથમવાર ટ્રસ્ટ દ્વારા ઊજવવામાં આવી હતી તે પ્રસંગની નિમંત્રણ પત્રિકા

ॐ

श्रीतीर्थंकरदेवाय नमः



## શ્રી સદ્‌ગુરુદેવ જન્મજયંતિ મહોત્સવ

આત્માર્થી ભાઈઓ તથા બહેનો,

સુ.

સહર્ષ જણાવવાનું કે શાસનપ્રભાવક, શ્રુતગંગા વહેવડાવનાર, પરમ ઉપકારી પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીની જન્મજયંતિ આવતા વૈશાખ સુદ ૨ સોમવાર તા. ૧૦-૫-૪૮ ના રોજ છે. આ પરમ માંગળિક દિવસે તેઓશ્રીને ૫૯ મું વર્ષ બેસે છે.

પૂ. ગુરુદેવશ્રીની જન્મજયંતિનો મહોત્સવ વૈશાખ સુદ ૧-૨-૩ (તા. ૯-૧૦-૧૧) એમ ત્રણ દિવસોએ ઉત્સાહપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પૂ. ગુરુદેવશ્રીએ ભરતમાં અપૂર્વ જ્ઞાનપ્રભાવના કરી છે અને હજુ પણ દિન પ્રતિદિન વધારે ને વધારે પ્રભાવના કરી રહ્યા છે. તેઓશ્રીના આ પરમ ઉપકારનો બદલો આપણાથી કોઈ પણ રીતે વાળી શકાય તેમ નથી.

તેઓશ્રીની જન્મજયંતિનો આ પવિત્ર પ્રસંગ ચિરંજીવ બની રહે અને તેઓશ્રી દ્વારા થતી જ્ઞાનપ્રભાવના આખા જગતમાં પ્રચાર પામે તે સંબંધી યોગ્ય વિચારો પણ જયંતિ પ્રસંગે કરવામાં આવશે.

આ પ્રસંગે સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનોને ઉત્સાહપૂર્વક ભાગ લેવા વિનંતિ છે.

સોનગઢ
તા. ૨૯-૪-૪૮
ચૈત્ર વદ ૬

રામજી માણેકચંદ દોશી
પ્રમુખ
શ્રી જૈન અતિથિ સેવા સમિતિ.




# શાસ્ત્રનું સ્વરૂપ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૬-૪-૪૪, બુધવાર) (ગતાંકથી ચાલુ)

વળી કેવું છે પરમાગમ?

મુક્તિરૂપી સુંદરીના મુખનું દર્પણ છે એટલે કે આત્માની પૂર્ણ મુક્તદશા જોવા માટે શાસ્ત્રરૂપી દર્પણ છે. શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન કરે તો અંદર પોતાનું મુક્ત સ્વરૂપ ભાસે. સંસાર તે બંધન દશા છે, તેનાથી રહિત પવિત્ર મુક્તદશા મુક્તપરિણતિરૂપ સુંદરીનું મુખ જોવા માટે શાસ્ત્ર જ અરીસા સમાન છે, શાસ્ત્રમાં જોયા વગર મુક્ત સ્વરૂપ દેખાય નહીં.

પૂર્ણ નિર્મળ અરિહંત દશા પ્રગટ્યા પછી તીર્થંકર પ્રભુને 'ૐ' એવો દિવ્ય ધ્વનિ નીકળ્યો, તે ભગવાનના કહેલા પરમાગમના રહસ્યને જાણવાથી પોતાનું પરમાનંદ સ્વરૂપ પ્રગટ ભાસે છે. તેથી પહેલાં તો સાંભળનારે સાચા શાસ્ત્રની ઓળખાણ કરવી પડશે. બધા પોતાનું સાચું જ કહે છે—પણ કાંઈ બધાં સાચાં હોતાં નથી, સાચું કયું, તે તો લેનારે નક્કી કરવું પડશે.

આ વાત સમજવાની રુચિ જોઈએ, અને આ વાતના શ્રવણ—મનનમાં વખત ગાળવો જોઈએ. સંસારનું ભણવા માટે કેટલાં વર્ષો ગાળે છે? છતાં ત્યાં તો પૂર્વનાં પુણ્ય અનુસાર સાંપડે છે, પુણ્ય વગર કાંઈ મળતું નથી. લૌકિક ડહાપણ—વિદ્યા, ધન વગેરે બધું પૂર્વના શુભભાવનું ફળ છે, અને તે મેળવવા માટે વર્તમાન જે નવાં રાગાદિ ભાવ કરે છે તે ભવિષ્ય માટે નવી "પાપની નોટ" બાંધે છે.

અહીં એમ કહેવું છે કે લૌકિક ડહાપણ કે પૈસા વગેરે કાંઈ અપૂર્વ નથી, એ તો પૂર્વે અનંતવાર મળી ચૂક્યાં છે, પણ આત્માની સાચી સમજણ પૂર્વે અનંતકાળમાં કદી કરી નથી, તેમાં અનંતો પુરુષાર્થ છે, અને તે જ અપૂર્વ છે.

આત્માનું મુક્ત સ્વરૂપ—સ્વતંત્રદશાની વાત પરમાગમથી જણાય છે. સંસારરૂપી મહાસમુદ્રમાં પ્રાણીઓ અજ્ઞાનથી ડૂબી રહ્યા છે, અને જુદા જુદા અનેક પ્રકારના ભવ

**જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.** **–શ્રી નિયમસાર**

કરી રહ્યાં છે; અનંત અનંત કાળથી આત્મવસ્તુને સમજ્યા વગર દુઃખમાં ડૂબી રહ્યા છે, તેમાં જે જીવને મોક્ષની અભિલાષા થાય એવા ભવ્યજીવને સંસાર સમુદ્રથી તરી જવા માટે સાચાં શાસ્ત્રનું શ્રવણ–મનન અને જ્ઞાન હસ્તાવલંબન સમાન આધાર છે, તથા પરમાગમનું જ્ઞાન સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનું શિખામણી છે અર્થાત્ આ પરમાગમના જ્ઞાનથી જ વૈરાગ્ય શોભે છે. બહારમાં ત્યાગી–વૈરાગી થાય પણ જો અંદર આત્માનું ભાન ન હોય તો તે એકડા વગરના મીંડાં સમાન છે. વૈરાગ્યની શોભા તો આત્માની ઓળખાણથી જ છે, આત્માની ઓળખાણ પરમાગમના જ્ઞાનથી છે; તે જ્ઞાન મેળવે તો વૈરાગ્ય સાચો; આત્માના પરથી નિરાળા સ્વરૂપના ભાન વગરનો ત્યાગ તે સાચો ત્યાગ નથી.

આત્માની નિશ્ચલ મોક્ષદશારૂપ મહેલમાં ચડવા માટે પરમાગમનું જ્ઞાન એ પહેલું પગથિયું છે. ભગવાન આત્મા જેનું સ્વરૂપ પૂર્ણ જ્ઞાનાનંદ છે તે પ્રગટાવવાનું પહેલું પગથિયું શાસ્ત્ર શ્રવણ છે. પરમાગમના જ્ઞાન વગર આત્મા મોક્ષ પંથમાં ગમન કરી શકતો નથી. આ આત્મા અનાદિથી પોતાના આનંદ સ્વભાવને ભૂલીને તૃષ્ણાથી ઉત્પન્ન થતા અશુભરાગના અંગારાથી બળી રહ્યો છે, તેને શાસ્ત્ર માર્ગ બતાવે છે કે :—તારામાં જ સુખશાંતિ ભરી છે, તેમાં જ ઠર. એ રીતે તૃષ્ણારૂપી અગ્નિથી બચવા માટે પરમાગમ શાસ્ત્રો જળથી ભરેલા વાદળાં સમાન છે.

પર વસ્તુની ઇચ્છાથી આખી દુનિયા દુઃખી છે. રાજા માંગે છે રાજ્ય, રાકો માગે છે રોટલા; બધા તૃષ્ણાથી બળી રહ્યા છે. સત્શાસ્ત્ર તેઓને સમજાવે છે કે 'તારૂં સુખ કાંઈ પર વસ્તુમાં નથી. તારામાં જ તારી શાંતિ ભરી છે તેમાં લક્ષ કરીને ઠર.' એ રીતે સમસ્ત દુઃખીજનોના ક્લેશનો નાશ કરવા માટે જળથી ભરેલાં વાદળાં સમાન ભગવાનની વાણી છે. યથાર્થ તત્ત્વ સાંભળવાની જેને જિજ્ઞાસા છે, સંસાર દુઃખથી જેઓ ભય પામ્યા છે અને આત્માના સ્વભાવને ઓળખવાની જેને રુચિ થઈ છે એવા ભવ્ય જીવોને, વાદળાં સમાન ભગવાનનો ધ્વનિ છે. આ સંસારમાં ૮૪ લાખના અવતારના દુઃખથી પીડાતા પ્રાણીને પરમાગમશાસ્ત્ર મહાન આધાર છે. ભગવાને કહેલાં શાસ્ત્રદ્વારા જડ–ચેતનના ભિન્ન સ્વરૂપને જાણીને અનાદિ અજ્ઞાનથી પોતાના આત્માને પોતે છૂટો કરે છે. અને આત્માની ઓળખાણ કરીને સ્થિર થતાં–અંદર નિર્વિકાર સ્વરૂપમાં ઠરતાં સમસ્ત વિભાવ છૂટી જાય છે અને મુક્તદશા પ્રગટે છે–માટે–

**જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુકલ ઉત્તમ ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.** **–શ્રી નિયમસાર**

બધા પ્રાણીઓએ સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રનું હંમેશા શ્રવણ, મનન, ચિંતવન, વ્યાખ્યાન કરવું. પ્રમાદને છોડીને, આળસ મૂકીને, સંસારભાવરૂપ હોળી છોડીને, ચૈતન્યસ્વરૂપને સમજાવનાર એવા પરમાગમશાસ્ત્રોનો નિરંતર અભ્યાસ કરવો એ જરૂરનું છે.

નિરંતર સ્વાધ્યાય કરો!

આગમનું જ્ઞાન કોને કહેવું તે વાત ચાલે છે.

શ્રી સમન્તભદ્રાચાર્યે કહ્યું છે કે :—

(આર્યા)

''अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात्।
निःसन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनः॥''

બધા કહે છે કે અમે શાસ્ત્ર જાણીએ છીએ, પણ ખરેખર તો આગમનું જ્ઞાન તેને કહેવાય કે જે ઓછો અર્થ ન જાણે, વધારે ન જાણે, સંદેહ રહિત જાણે અને વિપરીત ન જાણે પણ જેમ હોય તેમ યથાર્થ જાણે તો તેને આગમનું જ્ઞાન છે. બાકી તો દુનિયા આખી કહે છે કે અમને શાસ્ત્રનું જ્ઞાન છે. પણ અંદર તો સાચું શાસ્ત્ર કયું તેની જ પહેલાં તો ખબર ન હોય, પછી શાસ્ત્રમાં કયું વાક્ય કયા નયનું છે તે સમજે નહીં, અને ઊંધા અર્થ બેસાડે, તે સાચું સમજ્યા નથી. સાચું સમજ્યા વગર વૈરાગ્ય આવે નહીં અને વૈરાગ્ય વિના મુક્તિ થાય નહીં. વસ્તુનું જ્ઞાન તો નિસંદેહ હોય. ''મેં આમ માન્યું છે. પણ હોય તે ખરૂં'' એવો સંદેહ પડે તેને જ્ઞાન જ નથી.

પૈસા કમાવામાંથી અને સ્ત્રી આદિથી નવરો થાય, આત્માની ગરજ થાય, સત્સમાગમ કરે અને અનંત કાળે સાચું નથી સમજ્યો તે સમજવાની ધગશ કરે ત્યારે આવું જ્ઞાન કરેને? પોતાનું કલ્યાણ કરવા માટે ભવ્યજીવોને જરૂરનું છે કે ભગવાનના કહેલા શાસ્ત્રોની ઓળખાણ કરીને, તેની પ્રતીતિ કરીને, તેમાં નિઃસંદેહ થઈને, ચિત્તમાં ધારીને પોતાનું કલ્યાણ કરો!

ધર્મની કળામાં સમજ્યા વિના બધા માથું મારે, પણ તે ધર્મની સમજણ નથી. ધર્મની સમજણ એવી જોઈએ કે વીતરાગના વચનોની જેમ છે તેમ સંદેહ રહિત પ્રતીતિ

શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,
નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.　　　—શ્રી નિયમસાર

કરીને જાણવાથી તે આત્માના અમૃતરસને બતાવે.


ટીકાકાર પદ્મપ્રભમલધારીદેવ કહે છે કે :—

ललितललितं शुद्धं निर्वाणकारणकारणं
निखिलभविनामेतत्कर्णामृतं जिनसद्वचः।
भवपरिभवारण्यज्वालित्विषां प्रशमे जलं
प्रतिदिनमहं वन्दे वन्द्यं सदा जिनयोगिभिः॥

સર્વજ્ઞ ભગવાનની વાણીને હું પ્રતિદિન નમસ્કાર કરું છું; કેવી છે તે જિનવાણી?

મનોહર—અદ્ભુત છે, શુદ્ધ છે, નિર્વાણનું કારણ જે રત્નત્રય—સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર તેની પ્રાપ્તિનો ઉપાય છે, બધા પ્રાણીઓના કાનને અમૃતસમાન છે; ૮૪ લાખના અવતારરૂપી જંગલમાં જીવો બળી રહ્યા છે. તેમને શાંત કરવા માટે ભગવાનની વાણી જળ સમાન છે. ૮૪ લાખનો ધગધગતો અગ્નિ સળગી રહ્યો છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે—સંસારમાં અગ્નિ ક્યાં હતો, બંગલા વગેરેમાં રહેનાર ક્યાં સળગે છે? તેનો ઉત્તર :—બંગલા વગેરેમાં સુખબુદ્ધિ માની એટલે પોતાના સુખ માટે પરની ઓશીયાળ માની એ જ અગ્નિ છે, તેમાં સળગી રહ્યો છે. આત્માનો આનંદ આત્મામાં છે, તે ન માનતાં મારે પરવસ્તુ વગર ન ચાલે એવી માન્યતા એ જ અગ્નિ છે, તેમાં સળગી રહેલા સંસારથી ભયભીત જીવોને શાંત કરવા માટે વીતરાગની વાણી અમૃત સમાન છે.

વળી તે વાણી વીતરાગી યોગિઓ દ્વારા વંદનીય છે, એટલે કે જેને અંતરમાં પુણ્ય—પાપનો આદર છે તેવા જીવો, તે વીતરાગતાને બતાવનારી વાણીઓ આદર કરી શકશે નહીં. સાક્ષાત્ વીતરાગ ઉપર પ્રેમ રાખવો તે પણ રાગ છે; જિનવાણી તો વીતરાગ સ્વરૂપને બતાવનારી—જૈનયોગિઓથી સદાય વંદનીય છે. આ પ્રમાણે અરિહંતદેવ અને તેમની વાણીનું સ્વરૂપ બતાવ્યું. (ક્રમશઃ) ❋



**વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.** –**શ્રી નિયમસાર**



# સર્વજ્ઞદેવની ઓળખાણ

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, ભાદરવા સુદ ૧, શનિવાર)

અહીં અજ્ઞાની દલીલ કરે છે કે અમે તો સાચા જિનદેવ અરિહંતદેવની સેવા કરીએ છીએ, અમારા દેવને તો કેવળજ્ઞાન છે ને તેની અમે ભક્તિ કરીએ છીએ, અમે તો સાચા દેવને માનીએ છીએ અને અન્યમતિવાળા મિથ્યાદેવને માને છે, તેની પૂજાદિક કરે છે, તો એટલો તો ફેર છે ને? તેને કહે છે કે જેમ બીજાઓ તેના દેવને સમજ્યા વગર માને છે તેમ તમે પણ તમારા દેવનું સ્વરૂપ તો જાણતા નથી, તમારા દેવ સાચા હોવા છતાં તમને તો તેની ઓળખાણ નથી, તેથી બન્ને સરખા જ છો. જેમ બે બાળક અજ્ઞાની હતા. એ બેમાંથી એક બાળકના હાથમાં બિલોરી પત્થર આવ્યો (કુદેવ તે બિલોરી પત્થર સમાન છે) અને બીજાના હાથમાં હીરો આવ્યો (હીરો સાચા દેવને સ્થાને છે) ત્યારે એ બન્નેએ શ્રદ્ધાપૂર્વક પોતપોતાના વસ્ત્રને છેડે બાંધી લીધા, પણ તે બંને બાળકોને હીરા અને બિલોરી પત્થરનું સાચું જ્ઞાન નથી. જેના હાથમાં હીરો આવ્યો તે તો હીરો જ છે અને પત્થર તે તો પત્થર જ છે, પણ સાચું જ્ઞાન નથી તો બન્નેમાં ફેર નથી. તેમ તમે જિનદેવને માનો છો પણ તમને તેમના સ્વરૂપની તો ખબર નથી, તો તમારામાં અને અન્યમાં ફેર નથી. બીજા અજ્ઞાનીઓને કુદેવ મળ્યા છે અને તમને સાચા દેવ મળ્યા છે, પણ સાચા દેવની તમને પરીક્ષા તો નથી, તેથી તમે અને બીજા સરખા જ છો.

સામા પક્ષવાળા વતી દલીલ :—અમને તદ્દન ઉડાડી ન નાખો, અમને કાંઈક તો રાખો. અમે કેટલાય વર્ષ થયાં મહેનત કરીએ છીએ, માટે કાંઈક તો અમારું રાખો! તેને કહે છે કે ભાઈ રે! તેં શું કર્યું? વાડા તરીકે સાચા દેવને માન્યા પણ સાચા દેવના સ્વરૂપની ઓળખાણ તો કરી નથી, અને બીજા પણ સાચા દેવને ઓળખતા નથી. માટે જ્યાં સુધી સાચા દેવનું યથાર્થ સ્વરૂપ ન જાણો ત્યાં સુધી તમારામાં અને અન્યમાં ફેર નથી.

અજ્ઞાનીની દલીલ :—બીજા ધર્મવાળા તો ખોટા દેવને માને છે તેથી તેને ગૃહીત મિથ્યાત્વ છે, અને અમે તો સાચા દેવને માનીએ છીએ. તેના દર્શન, પૂજા, ભક્તિ વગેરે

**શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,**
**તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬. –શ્રી નિયમસાર**

કર્યા પહેલાં અમે ખાતાં-પીતાં નથી, તેથી અમને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું છે એમ તો કહો? ખોટા દેવની પક્કડ છૂટી છે ને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું છે તો તેટલો અમને લાભ થયોને?

તેનો ઉત્તર :—તમને હજી ગૃહીત મિથ્યાત્વના સ્વરૂપની જ ખબર નથી. સર્વજ્ઞ વીતરાગદેવ, નિર્ગ્રંથ ગુરુ, વીતરાગના કહેલા શાસ્ત્રો અને ધર્મનું સ્વરૂપ બાહ્ય લક્ષણો વડે નક્કી કરે અને તેનું જ સાચાપણું ભાસે ત્યારે તો ગૃહીત મિથ્યાત્વ છૂટે; અને બાહ્ય લક્ષણ વડે દેવ-ગુરુ-ધર્મને ઓળખ્યા વગર કોઈ સાચા દેવને માને અને બીજાને ન માને તો પણ તેને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું નથી. આ તો હજી ગૃહીત મિથ્યાત્વ છોડવાની વાત છે, અગૃહીત મિથ્યાત્વ છોડવાની વાત તો ગૃહીત મિથ્યાત્વ છોડ્યા પછી! આત્મા પરિપૂર્ણ નિર્મળ જ્ઞાનસ્વરૂપ છે, એક રાગનો અંશ પણ મારા સ્વરૂપને મદદગાર નથી, પુણ્ય કરતાં કરતાં ધર્મ થતો નથી, હું શરીરાદિનું કાંઈ પણ કરી શકતો નથી એમ સ્વતંત્ર આત્મતત્ત્વની પ્રતીતિ થાય તે તો અનંત સંસારને બાળી મૂકનારી છે એટલે કે મુક્તિનું કારણ છે. પણ તે પ્રતીતિ ક્યારે થાય? કે પહેલાં તો જન્મ લીધા પછી દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધી ગ્રહણ કરેલી ખોટી માન્યતા છોડે, ત્યાર પછી અનાદિથી ચાલી આવેલી ઊંધી માન્યતા છોડે તો પ્રતીતિ થાય. પ્રથમ ગૃહીત મિથ્યાત્વ છૂટ્યા વગર કોઈને અગૃહીત મિથ્યાત્વ છૂટે નહીં.

અરેરે! આવો મનુષ્ય દેહ મળ્યો, તેમાં સર્વજ્ઞનો સંપ્રદાય મળ્યો—આવો સર્વજ્ઞનો માર્ગ મળ્યો અને હજી સાચા દેવના સ્વરૂપને પણ ન ઓળખે! ક્યાં તારા ઉદ્ધારના ટાણાં! ફરી ફરીને આ ટાણાં મળવા દુર્લભ છે. (ક્રમશઃ) ❋

**પુણ્યના થોક ઊછળ્યા વિના.....**

આવા વિષમકાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ દુર્લભ છે. એમના દર્શન અને વાણી કેટલા દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય ? ભારતના મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો. આટલાં વર્ષો સુધી બધાંને અપૂર્વ લાભ મળ્યો.

**—પૂજ્ય બહેનશ્રી**

**રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭.** **–શ્રી નિયમસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

અહીં ત્રીજી સંસારભાવના ચાલે છે, તેમાં નરકના દુઃખોનું વર્ણન આવી ગયું, હવે તિર્યંચગતિનાં ને મનુષ્યગતિનાં દુઃખોનું વર્ણન કરે છે :—

**तत्तो णीसरिदूणं जायदि तिरिएसु बहु-वियप्पेसु।**
**तत्थ वि पावदि दुःखं गब्भे वि य छेयणादीयं।।४०।।**

**अर्थ :—**એ નરકમાંથી નીકળીને અનેક પ્રકારના ભિન્ન જે તિર્યંચગતિ તેમાં (જીવ) ઉત્પન્ન થાય છે; ત્યાં પણ ગર્ભમાં તે દુઃખ પામે છે. 'अपि' શબ્દથી સમ્મૂર્છન થઈ છેદનાદિકનાં દુઃખ પામે છે. ૪૦.

**तिरिएहिं खज्जमाणो दुट्ठमणुस्सेहिं हण्णमाणो वि।**
**सव्वत्थ वि संतट्ठो भय-दुक्खं विसहदे भीमं।।४१।।**

**अर्थ :—**એ તિર્યંચગતિમાં જીવ, સિંહ-વાઘ આદિ વડે ભક્ષણ થતો તથા દુષ્ટ મનુષ્ય (મ્લેચ્છ, પારધી, માછીમાર આદિ) વડે માર્યો જતો થકો સર્વ ઠેકાણે ત્રાસસહિત બની રૌદ્ર-ભયાનક દુઃખોને વિશેષ કરીને સહન કરે છે. ૪૧.

હરણ થયું હોય ને સિંહ આવીને ઝપટ મારીને ખાઈ જાય, સિંહ–વાઘ થયો હોય ત્યાં શિકારી ગોળીથી વીંધી નાખે—એ પ્રમાણે તિર્યંચગતિમાં રૌદ્ર ભયંકર દુઃખો જીવ ભોગવે છે. ચૈતન્યસત્તાના ભાન વિના આવાં દુઃખો ભોગવે છે, ચૈતન્યની બુદ્ધિ નથી ને દેહબુદ્ધિ છૂટી નથી, તેવા જીવો આવાં દુઃખો અનંતવાર ભોગવે છે. ધર્મીને તો ચૈતન્યના આનંદનું ભાન છે, તે ચૈતન્યના ભાન સહિત આવી ભાવના ભાવે છે.

**अण्णोण्णं खज्जंता तिरिया पावंति दारुणं दुक्खं।**
**माया वि जत्थ भक्खदि अण्णो को तत्थ रक्खेदि।।४२।।**

**अर्थ :—**એ તિર્યંચગતિમાં જીવ પરસ્પર ભક્ષણ થતા થકા ઉત્કૃષ્ટ દુઃખ પામે

**સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮. –શ્રી નિયમસાર**

છે, તે આને ખાય અને આ તેને ખાય. જ્યાં જેના ગર્ભમાં ઉત્પન્ન થયો છે એવી માતા પણ પુત્રને ભક્ષણ કરી જાય, તો પછી અન્ય કોણ રક્ષણ કરે? ૪૨.

મોટાં માછલાં નાનાં માછલાંને ખાઈ જાય, બળવાન પ્રાણી નિર્બળને ખાઈ જાય. અરે ! માતા પોતાના બચ્ચાને ખાઈ જાય ! કૂતરી અને સર્પિણી પોતાના બચ્ચાને ખાઈ જાય છે. આવો આ સંસાર છે ! અહો ! જ્યાં માતા જ પુત્રનું ભક્ષણ કરે ત્યાં કોણ રક્ષણ કરનાર છે ? અંદર ચૈતન્યનું ભાન તે જ આવા અવતારથી બચાવનાર છે.

तिव्वतिसाए तिसिदो तिव्व-विभुक्खाइ भुक्खिदो संतो।
तिव्वं पावदि दुक्खं उयर-हुयासेण डज्झंतो॥४३॥

**અર્થ :—**એ તિર્યંચગતિમાં જીવ તીવ્ર તરસથી તૃષાતુર તથા તીવ્ર ભૂખથી ભૂખ્યો થયો થકો તેમ જ ઉદરાગ્નિથી બળતો (ઘણાં) તીવ્ર દુઃખ પામે છે. ૪૩.

આત્મા અનાદિ અનંત છે તે પૂર્વે ક્યાં રહ્યો ? મોક્ષ પામ્યો હોય તો અવતાર હોય નહિ, તેથી જીવે આવા અવતારમાં જ અનાદિ કાળ કાઢ્યો છે. અંદર સ્વતત્ત્વની સંભાળ કરે તો સંસારનો અંત આવ્યા વિના રહે નહિ.

एवं बहुप्पयारं दुक्खं विसहेदि तिरिय-जोणीसु।
तत्तो णीसरिदूणं लद्धि-अपुण्णो णरो होदि॥४४॥

**અર્થ :—**એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી તિર્યંચયોનિમાં જીવ અનેક પ્રકારથી દુઃખ પામે છે અને તેને સહે છે. એ તિર્યંચગતિમાંથી નીકળીને (કદાચિત્) મનુષ્ય થાય તો કેવો થાય? લબ્ધિઅપર્યાપ્ત કે જ્યાં પર્યાપ્તિ જ પૂરી ન થાય. ૪૪.

હવે મનુષ્યગતિમાં જે દુઃખો છે તેને બાર ગાથાઓ દ્વારા કહે છે. ત્યાં પ્રથમ જ ગર્ભમાં ઉપજે તે અવસ્થા કહે છે.

એકેન્દ્રિય જીવને અંદર અનંતુ દુઃખ છે. પાંદડું પાણીમાં પડ્યું હોય ત્યારે પણ તેને અનંતુ દુઃખ છે, આવી તિર્યંચગતિમાંથી નીકળીને કોઈ જીવો કોઈ અપર્યાપ્તપણે મનુષ્યગતિમાં ઉપજે છે. ત્યાં ગર્ભમાં ને ગર્ભમાં જ તેનું મૃત્યુ થઈ જાય છે. મનુષ્યગતિમાં પણ કેવાં દુઃખ છે? તે હવે વર્ણવશે.

**વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે**
**જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯. –શ્રી નિયમસાર**

अह गब्भे वि य जायदि तत्थ वि णिवडीकयंग-पच्चंगो।
विसहदि तिव्वं दुक्खं णिग्गममाणो वि जोणीदो॥४५॥

**अर्थ :—**અથવા ગર્ભમાં ઊપજે તો ત્યાં પણ હસ્ત-પાદાદિ અંગ અને આંગળાં આદિ પ્રત્યંગ એ બધા એકઠા સંકુચિત રહ્યા થકા (જીવ) દુઃખ સહે છે અને ત્યાંથી યોનિદ્વારે નીકળતાં તે તીવ્ર દુઃખને સહન કરે છે. ૪૫.

વળી, તે કેવો થાય ? તે કહે છે :—

बालो वि पियर-चतो पर-उच्छिट्ठेण वड्ढदे दुहिदो।
एवं जायण-सीलो गमेदि कालं महादुक्खं॥४६॥

**अर्थ :—** ગર્ભમાંથી નીકળ્યા પછી બાળ અવસ્થામાં જ માતા-પિતા મરી જાય તો પારકી ઉચ્છિષ્ટ વડે જીવનનિર્વાહ કરતો તથા માગવાનો જ છે સ્વભાવ જેનો એવો તે, દુઃખી થતો થકો કાળ નિર્ગમન કરે છે. ૪૬.

પોતાના સ્વભાવની દૃષ્ટિપૂર્વકની ભૂમિકામાં ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ એમ વિચારે છે કે અહો ! સંસાર-પરિભ્રમણમાં જીવ ક્યારેક મનુષ્યપણું પામે તો ગર્ભાવસ્થામાં જ ઘણા તો મરી જાય છે. ગર્ભમાંથી જન્મે તો કોઈના તો માતાપિતા બાલ્યા અવસ્થામાં જ મરી જાય છે ને કોઈનો ઓશિયાળો થઈને એઠું-જૂઠું ખાઈને પેટ ભરે છે. ચિદાનંદસ્વભાવની ભાવના જે નથી કરતો તેને આવા દુઃખો સહન કરવા પડે છે. આ સંયોગનું કથન તો નિમિત્તથી છે. અંદર જીવને તે જાતનો દીનતાનો ભાવ તે દુઃખ છે. આત્મા ચિદાનંદથી ભરેલો છે. તેનું ભાન અને મહિમા જાણ્યા વિના જીવ દીન-હીન થઈને જીવન પૂરું કરે છે. કોઈને પૈસાના ઢગલા હોય તો તે પણ મમતાભાવથી દુઃખી જ છે. ચૈતન્ય ભગવાન પૂરા સ્વભાવથી ભરેલો છે તેની દૃષ્ટિ ભૂલીને, બહારમાં માગણ થાય છે. ધર્મી કહે છે કે અમે તો અમારા સ્વભાવની દૃષ્ટિથી પૂર્ણતાને સાધશું. અમે હવે આવા અવતાર કરવાના નથી. (ક્રમશઃ) ❋



**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦. –શ્રી નિયમસાર**

## શ્રી નાટક સમયસાર
# મોક્ષ અધિકારનો સાર

પ્રસિદ્ધ છે કે મિથ્યાત્વ જ આસ્રવ બંધ છે અને મિથ્યાત્વનો અભાવ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર, નિર્જરા તથા મોક્ષ છે અને મોક્ષ આત્માનો નિજસ્વભાવ અર્થાત્ જીવની કર્મમળ રહિત અવસ્થા છે. વાસ્તવમાં વિચારવામાં આવે તો મોક્ષ થતો જ નથી, કેમકે નિશ્ચયનયમાં જીવ બંધાયો નથી—અબંધ છે, અને જ્યારે અબંધ છે ત્યારે છૂટશે શું? જીવનો મોક્ષ થયો એ કથન વ્યવહાર માત્ર છે, નહિ તો તે હમેશાં મોક્ષરૂપ જ છે.

આ વાત જગપ્રસિદ્ધ છે કે જે મનુષ્ય બીજાના ધન ઉપર પોતાનો અધિકાર જમાવે છે, તે મૂર્ખને લોકો અન્યાયી કહે છે. જો તે પોતાની જ સંપત્તિનો ઉપયોગ કરે છે તો લોકો તેને ન્યાયશીલ કહે છે. એવી જ રીતે જ્યારે આત્મા પરદ્રવ્યોમાં અહંકાર કરે છે, ત્યારે તે અજ્ઞાની, મિથ્યાત્વી થાય છે અને જ્યારે આવી ટેવ છોડીને તે આધ્યાત્મિક વિદ્યાનો અભ્યાસ કરે છે તથા આત્મિકરસનો સ્વાદ લે છે ત્યારે પ્રમાદનું પતન કરીને પુણ્ય-પાપનો ભેદ મટાડી દે છે અને ક્ષપકશ્રેણી ચડીને કેવળી ભગવાન બને છે. પછી થોડા જ સમયમાં આઠ કર્મ રહિત અને આઠ ગુણ સહિત સિદ્ધપદને પામે છે.

મુખ્ય અભિપ્રાય મમતા દૂર કરવાનો અને સમતા લાવવાનો છે. જેવી રીતે સોનીના સંગે સોનાની જુદી જુદી અવસ્થાઓ થાય છે પરંતુ તેનું સુવર્ણપણું ચાલ્યું જતું નથી, ગાળવાથી પાછું સોનાનું સોનું જ બન્યું રહે છે, તેવી જ રીતે આ જીવાત્મા અનાત્માના સંસર્ગથી અનેક વેશ ધારણ કરે છે, પરંતુ તેનું ચૈતન્યપણું ક્યાંય ચાલ્યું જતું નથી—તે તો બ્રહ્મનું બ્રહ્મ જ બન્યું રહે છે. તેથી શરીરનું મિથ્યા અભિમાન છોડીને આત્મસત્તા અને અનાત્મસત્તાનું પૃથક્કરણ કરવું જોઈએ, એમ કરવાથી થોડા જ સમયમાં આધુનિક બુંદ માત્ર જ્ઞાન અલ્પકાળમાં જ સમુદ્રરૂપ પરિણમન કરે છે અને અવિચળ, અખંડ, અક્ષય, અનભય અને શુદ્ધ સ્વરૂપ થાય છે.

**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.** –શ્રી નિયમસાર

# ગૃહસ્થને સત્પાત્રદાનની મુખ્યતા

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ધર્માત્માને દૃષ્ટિમાં તો આત્માના આનંદસ્વભાવની જ મુખ્યતા છે, પણ તેને શુભકાર્યોમાં દાનની મુખ્યતા છે. નજરમાં આત્માના આનંદની મુખ્યતા રાખીને, ભૂમિકા અનુસાર દાનાદિના શુભભાવોમાં તે પ્રવર્તે છે. તે કોઈને દેખાડવા ખાતર નથી કરતો પણ અંતરમાં ધર્મપ્રત્યે તેને સહજપણે ઉલ્લાસ આવે છે.

લોકો સ્થૂળદૃષ્ટિથી ધર્મીને માત્ર શુભભાવ કરતો દેખે છે, પણ અંદરના ઊંડાણમાં ધર્મીને મૂળભૂત દૃષ્ટિ વર્તે છે—કે જે ધ્રુવસ્વભાવનું અવલંબન કદી છોડતી નથી ને રાગને કદી પોતાપણે કરતી નથી–તેને લોકો ઓળખતા નથી, પણ ધર્મનું મૂળ તો તે દૃષ્ટિ છે. 'ધર્મના મૂળ ઊંડા છે.' ઊંડો એવો જે અંતરંગ ધ્રુવસ્વભાવ તે ધર્મનો વડલો છે, તે ધ્રુવ ઉપર દૃષ્ટિ મૂકીને એકાગ્રતાનું સીંચન કરતાં એ વડલામાંથી કેવળજ્ઞાન પાકશે. અજ્ઞાનીના શુભભાવ કે પરલક્ષી શાસ્ત્રભણતર એ તો ભાદરવા માસના ભીંડા જેવા છે, તે લાંબોકાળ ટકશે નહિ. ધર્માત્માને ધ્રુવસ્વભાવની દૃષ્ટિથી ધર્મનો વિકાસ થાય છે. વચ્ચે શુભરાગ અને પુણ્ય આવે તેને તો તે હેય જાણે છે;—જે વિકાર છે તેનો મહિમા શો ? ને તેનાથી આત્માની મોટાઈ શી ? અજ્ઞાની તો રાગવડે પોતાની મોટાઈ માનીને, સ્વભાવની મહત્તાને ભૂલી જાય છે ને સંસારમાં રખડે છે. જ્ઞાનીને સત્‌સ્વભાવની દૃષ્ટિપૂર્વક જે પુણ્ય બંધાય તેને સત્‌પુણ્ય કહેવાય; અજ્ઞાનીના પુણ્યને સત્‌પુણ્ય કહેતા નથી.

જેને રાગની–પુણ્યની ને તેના ફળની પ્રીતિ છે તે તો હજી સંયોગ લેવાની ભાવનાવાળો છે, એટલે તેને દાનની ભાવના સાચી ન હોય. પોતે તૃષ્ણા ઘટાડે તો દાનનો ભાવ કહેવાય. પણ જે હજી કોઈકનું લેવામાં રાજી છે ને જેને સંયોગની ભાવના છે તે રાગ ઘટાડીને દાન દેવામાં રાજી ક્યાંથી થશે ? મારો આત્મા જ્ઞાનસ્વભાવી, પોતાથી પૂરો છે, પરનું ગ્રહણ કે ત્યાગ મારામાં છે જ નહિ,—આવા અસંગસ્વભાવની દૃષ્ટિવાળો જીવ પરસંયોગ માટે વલખાં ન નાંખે; એને સંયોગની ભાવના કેટલી ટળી ગઈ હોય ? પણ એનાં માપ અંતરની દૃષ્ટિ વગર ઓળખાય નહીં.

**વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;**
**તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨. –શ્રી નિયમસાર**

ભાઈ, તને પુણ્યોદયથી લક્ષ્મી મળી ને જૈનધર્મના સાચા દેવ-ગુરુ મહારત્ન તને મહાભાગ્યે મળ્યા; હવે જો તું ધર્મપ્રસંગમાં તારી લક્ષ્મી વાપરવાને બદલે સ્ત્રી-પુત્ર તથા વિષય-કષાયના પાપભાવમાં જ ધનનો ઉપયોગ કરે તો હાથમાં આવેલું રત્ન દરિયામાં ફેંકી દેવા જેવું તારું કામ છે. ધર્મનો જેને પ્રેમ હોય તે તો, ધર્મની વૃદ્ધિ કેમ થાય, ધર્માત્માઓ કેમ આગળ વધે, સાધર્મીઓને કાંઈપણ પ્રતિકૂળતા હોય તો તે દૂર થાય–એવા પ્રસંગો વિચારી-વિચારીને તેને માટે ઉત્સાહથી ધન ખર્ચે છે. ધર્મી જીવ વારંવાર જિનેન્દ્રપૂજનનો મહોત્સવ કરે. પુત્રના લગ્નમાં કેવા ઉત્સાહથી ધન વાપરે છે ! ઉધાર કરીને પણ ખર્ચે છે, તો ધર્મની લગનીમાં દેવ-ગુરુની પ્રભાવના ખાતર ને સાધર્મીના પ્રેમ ખાતર તેથી પણ વિશેષ ઉલ્લાસપૂર્વક પ્રવર્તવું યોગ્ય છે. એકવાર શુભભાવમાં કાંઈક વાપર્યું —એટલે બસ,—એમ નહિ પરંતુ વારંવાર શુભકાર્યોમાં ઉલ્લાસથી વર્તે.

દાન પોતાની શક્તિ અનુસાર હોય, કરોડની મૂડીમાંથી સો રૂપિયા ખર્ચે—તે કાંઈ શક્તિઅનુસાર ન કહેવાય. ઉત્કૃષ્ટપણે ચોથો ભાગ, મધ્યમપણે છટ્ઠો ભાગ ને ઓછામાં ઓછો દશમો ભાગ વાપરે તેને શક્તિઅનુસાર કહ્યું છે.

જુઓ, આ કાંઈ કોઈ પરને માટે કરવાની વાત નથી, પણ આત્માના ભાનસહિત પરિગ્રહની મમતા ઘટાડવાની વાત છે. નવા નવા મહોત્સવના પ્રસંગ ઊભા કરીને શ્રાવક પોતાનો ધર્મનો ઉત્સાહ વધારતો જાય ને પાપભાવ ઘટાડતો જાય. તેમાં મુનિરાજને કે ધર્માત્માને પોતાના આંગણે પધરાવીને ભક્તિથી આહારદાન કરવું તેને પ્રધાન કર્તવ્ય કહ્યું કેમકે તેમાં પોતાને ધર્મના સ્મરણનું ને ધર્મની ભાવનાની પુષ્ટિનું નિમિત્ત છે. મુનિરાજ વગેરે ધર્માત્માને દેખતાં જ પોતાને રત્નત્રયધર્મની ભાવના ઉગ્ર થાય છે.

કોઈ કહે છે કે અમારી પાસે બહુ ઝાઝી મૂડી નથી; તો કહે છે કે ભાઈ, ઓછી મૂડી હોય તો ઓછું પણ વાપર. તને તારા ભોગવિલાસ માટે લક્ષ્મી મળે છે ને ધર્મપ્રભાવનાનો પ્રસંગ આવે ત્યાં તું હાથ ધોઈ નાંખે છે, તો તારા પ્રેમની દિશા જ ધર્મ તરફ નથી પણ સંસાર તરફ છે. ધર્મના ખરા પ્રેમવાળો ધર્મપ્રસંગમાં ઝાલ્યો ન રહે.

ભાઈ, લક્ષ્મીની મમતા તો તને માત્ર પાપબંધનું કારણ છે; સ્ત્રી-પુત્ર માટે કે શરીર માટે તું જે લક્ષ્મી વાપરીશ તે તો તને માત્ર પાપબંધનું જ કારણ થશે. ને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ–શાસ્ત્ર–જિનમંદિર વગેરેમાં તારી લક્ષ્મીનો જે સદ્દુપયોગ કરીશ તે

**વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩. –શ્રી નિયમસાર**

પુણ્યનું કારણ થશે તથા તેમાં તારા ધર્મના સંસ્કાર દૃઢ થશે. માટે સંસારનાં નિમિત્તો ને ધર્મનાં નિમિત્તો એ બંનેનો વિવેક કર. ધર્માત્મા શ્રાવકને તો સહેજે એ વિવેક હોય છે ને તેને સુપાત્રદાનનો ભાવ હોય છે. જેમ સગાંવહાલાંને પ્રેમથી–આદરથી જમાડે છે તેમ, સાચું સગપણ સાધર્મીતણું–સાધર્મી ધર્માત્માઓને પ્રેમથી–બહુમાનથી ઘરે બોલાવીને જમાડે;—આવા દાનના ભાવને સંસારથી તરવાનો હેતુ કહ્યો, કેમકે મુનિના ને ધર્માત્માના અંતરના જ્ઞાનાદિની ઓળખાણ તે સંસારથી તરવાનો હેતુ થાય છે. સમ્યક ઓળખાણપૂર્વકના દાનની આ વાત છે. સમ્યગ્દર્શન વગર એકલા દાનના શુભપરિણામથી ભવકટી થઈ જાય–એમ બનતું નથી. અહીં તો સમ્યગ્દર્શનપૂર્વક ધર્મીશ્રાવકને દાનના ભાવ હોય છે તેની મુખ્યતા છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૦ થી ચાલુ)

* પોતાની સ્વતંત્રતા પણ જેને ન ગમે તેની તો શી વાત!! સ્વાશ્રય વડે ભવબંધ તોડે તેની બલિહારી છે.
* ભાઈ, પરાધીનતાના ભાવમાં તો તેં અનંતકાળ દુઃખમાં ગુમાવ્યો, સ્વાધીનતાને તો એકવાર જો....એક ક્ષણ તો સ્વાધીનતાની હવા લે.
* નિજસ્વરૂપનો મહિમા જાણ્યા વગર જીવનો ઉપયોગ જ્યાં ત્યાં ભમ્યા કરે છે; તે ભ્રમણ ટાળવાની ને સ્વરૂપમાં ઉપયોગ સ્થિર થવાની રીત સંતો બતાવે છે.
* પર નિમિત્તને સ્વમાં અકિંચિત્કર માનીને સ્વતત્ત્વનો આશ્રય કરવો તેમાં જ નિમિત્તનો નિમિત્ત તરીકે સાચો સ્વીકાર છે.

---

## ચૈતન્યની મંગળ પ્રભા

હે પ્રભુ! તમારા ગુણોને કોણ ગાઈ શકે! તમારી ભક્તિ હું શી રીતે કરું!

ઈન્દ્રો કહે છે કે પ્રભુ! હું તમારા ગુણ-ગાન ગાઈ શકતો નથી. તેમ પૂજ્ય ગુરુદેવશ્રીએ જે કર્યું છે તેને ભાષામાં કે વાણીમાં કહેવું ઓછું છે. ગુરુદેવે ઠેર ઠેર યાત્રાઓ, પ્રતિષ્ઠાઓ ને અપૂર્વ તત્ત્વ વરસાવ્યું છે. તેની પાસે બધું ઓછું છે. ગુરુદેવનું દ્રવ્ય મંગળ હતું. તેમના ચૈતન્યની મંગળ પ્રભા ચારેકોર પ્રસરી રહી હતી, પૂજ્ય ગુરુદેવશ્રી ગયા પણ તેમની મંગળતા મૂકતા ગયા છે. વાણીમાં તેમની મંગળ પ્રભા રહી ગઈ! તેમની વાણીમાં દેશનાલબ્ધિ હતી. **—પૂજ્ય બહેનશ્રી**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—સમ્યક્ સન્મુખ જીવ તત્ત્વના વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્ગલનો જાણે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સમ્યક્ સન્મુખ જીવ રાગ તે પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતરવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે.

શ્રોતા :—દૃષ્ટિનું જોર ક્યાં દેવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દૃષ્ટિ થાપ ને ! પર્યાય ઉપર શું કામ જોર દે છો ? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો ? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે ? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને ! જ્ઞાનાનંદ સાગરના તરંગો ઊછળે તેના ઉપર જોર ન દે, તરંગોને ન જોતાં આનંદ સાગરના દળ ઉપર જોર દે ને ! અનાદિથી ક્ષણિક પર્યાય ઉપર જોર દે છો તે છોડી દે ને ત્રિકાળી ધ્રુવ નિત્ય જ્ઞાયકદળ ઉપર જોર દે અને દૃષ્ટિને થાપ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટશે.

શ્રોતા :—ધારણાજ્ઞાનથી આગળ વધાતું નથી તો કોના બળે આગળ વધાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્યના બળે આગળ વધાય છે. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, દ્રવ્યભાવ એના તરફ પહેલાં જોર જવું જોઈએ.

શ્રોતા :—સ્વાનુભવ મનજનિત છે કે અતીન્દ્રિય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સ્વાનુભવમાં ખરેખર મન કે ઇન્દ્રિયનું અવલંબન નથી. તેથી તે અતીન્દ્રિય છે; પણ સ્વાનુભવમાં મતિશ્રુતજ્ઞાન છે ને મતિશ્રુતજ્ઞાન મનના કે ઇન્દ્રિયના અવલંબન વગર હોતો નથી તે અપેક્ષાએ સ્વાનુભવમાં મનનું અવલંબન પણ ગણ્યું છે. ખરેખર મનનું અવલંબન તૂટ્યું તેટલો સ્વાનુભવ છે; સ્વાનુભવમાં જ્ઞાન અતીન્દ્રિય છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

શ્રોતા :—શ્રીમદ્ રાજચંદ્ર વિષે આપ બે શબ્દો કહેવા કૃપા કરશો.

પૂજ્ય બહેનશ્રી :—શ્રીમદ્ રાજચંદ્ર સમ્યગ્દૃષ્ટિ હતા, સ્વાનુભૂતિ પામેલા હતા. તેઓ નાનપણથી જ વૈરાગી હતા. વિચારશક્તિ તીવ્ર હતી. તેમનું જ્ઞાન ઘણું હતું. ગૃહસ્થાશ્રમમાં રહેતા હતા, પણ ન્યારા રહેતા હતા. સ્વાનુભૂતિ ગૃહસ્થાશ્રમમાં પ્રગટ થયેલી હતી.

શ્રોતા :—આપના પૂર્વભવોના જાતિસ્મરણજ્ઞાન વિષે થોડું કહેવાની કૃપા કરો.

પૂજ્ય બહેનશ્રી :—પૂર્વ જન્મ છે. આ જીવ ક્યાંકથી આવે તો છે. કોઈ રાજા થાય છે, કોઈ રંક થાય છે, કોઈ રાજાને ઘરે જન્મે છે, કોઈ રંકના ઘરે જન્મે છે, તેનું કાંઈ કારણ છે. કુદરત કાંઈ અન્યાયવાળી તો ન હોય. કોઈ તો રાજાને ઘરે જન્મે, કોઈ રોગી થાય, કોઈ નીરોગી થાય. આવા બધા ફેરફારો થાય તેમાં એ સાબિત થાય છે કે આ જીવ પૂર્વે હતો, અને ત્યાંથી આવેલો છે. આ બધાં તેનાં પૂર્વનાં કર્મને લઈને ફેરફારો છે. જીવ પૂર્વે અનેક જાતનાં જન્મ-મરણ કરતો કરતો અહીં આવેલો છે તે તો ચોક્કસ છે. બાકી વ્યક્તિગત વાત તો શું કહેવી ? પૂર્વે જીવ હતો અને ત્યાંથી જ અહીં આવેલો છે. પૂર્વમાં અનેક ભવ કરતો આવ્યો છે. દેવના, મનુષ્યના એમ અનેક ભવ કરતો જીવ અહીં આવ્યો છે. તેના ભાવ પ્રમાણે પુણ્ય-પાપના ઉદયો આવે છે તેમાં અત્યારે ભરતક્ષેત્રમાં તો ધર્મનો કાળ છે. ગુરુદેવ અહીં બિરાજતા હતા તેમના પ્રતાપે આટલો ધર્મનો પ્રચાર થયો છે. તેમણે બધો માર્ગ બતાવ્યો છે.

આ જગત ઉપર એક મહાવિદેહક્ષેત્ર છે. ત્યાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે. તેમની નિરંતર દિવ્યધ્વનિ છૂટે છે. ઘણાય જીવો વાણી સાંભળે છે. તેમાંથી કેટલાક જીવો સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ પામે છે તો કોઈ કોઈ મુનિદશાને પ્રાપ્ત કરે છે. સાક્ષાત્ ભગવાન વિદેહક્ષેત્રમાં કેવળજ્ઞાનપણે પૂર્ણદશામાં બિરાજે છે. આ ભરતક્ષેત્રની અંદર તો બહુ મુશ્કેલી થઈ ગઈ છે. અત્યારે સંત પુરુષો મળવા મુશ્કેલ છે. એક ગુરુદેવ આ પંચમકાળમાં બિરાજતા હતા. તેમનાથી કેટલાય જીવોને સાચો માર્ગ મળ્યો છે.

**ભાનુમતી સતીશચંદ્ર દોશી પરિવાર**
**હસ્તે હિતેશ દોશી, હીરાનંદાણી, પવઈ-મુંબઈ દ્વારા**

**અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસસહ સંપન્ન,**

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૩મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

ધન્ય! સમ્યક્ત્વમાર્ગદાતા પૂજ્ય ગુરુદેવશ્રી, ધન્ય! સમ્યક્ત્વવિભૂષિત ભગવતીમાતા,

ધન્ય! ફાગણ વદ ૧૦.

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શાસનના અનોખા રત્ન, તેઓના સદ્દુપદેશથી ભવાંતકારી સ્વાનુભૂતિયુક્ત સમ્યક્ત્વને પ્રાપ્ત કરનાર—પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો સમ્યક્ત્વ પ્રાપ્તિનો મહોત્સવ સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી ઘણા વર્ષોથી ઉજવાય છે. આ વર્ષે ૮૩મો સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ વિશેષ આનંદ ઉલ્લાસ સહ ઊજવવામાં આવ્યો હતો.

### * પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ *

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૧-૩-૨૦૧૫ થી તા. ૧૫-૩-૨૦૧૫ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક, ભાનુમતી સતીશચંદ્ર દોશી, પરિવાર હ. હિતેશ દોશી, હીરાનંદાણી, પવઈ-મુંબઈ દ્વારા, અનેક વિશેષતાઓ સહ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે દેશ-વિદેશના લગભગ ૧૨૦૦ મુમુક્ષુઓ સુવર્ણપુરીમાં એકત્ર થયા હતા. આ ઉત્સવાર્થે સ્વાધ્યાયમંદિરના પાછળના ભાગમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. મંડપને સમ્યક્ત્વમહિમાસૂચક કથનો તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના નિજાત્મ-કલ્યાણકારી વચનોના રંગબેરંગી બેનરોથી સુશોભિત કરવામાં આવ્યો હતો. આયોજકો તરફથી ''શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડલ વિધાન''નું માંડલું અત્યંત સુંદરરૂપે બનાવવામાં આવ્યું હતું.

### * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડલ વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર ઉપર **CD** પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે સાંજી-ભક્તિ રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું બહેનશ્રીનાં વચનામૃત ઉપર પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો. બધા કાર્યક્રમોમાં કાર્યક્રમ-

સ્થળ (મંદિર તથા મંડપ) ભરચક થઈ જતાં હતાં.

ઉત્સવના દિવસોમાં બધા મંદિરો વિશિષ્ટરૂપે સજાવવામાં આવ્યાં હતાં. આયોજક ભાનુમતી સતીશચંદ્ર દોશી, પરિવાર તરફથી ઉત્સવના દિવસોમાં સાંજી-ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આયોજક સતીશચંદ્ર દોશી તરફથી ઉત્સવના ચોથા દિવસે કલાપથના કલાકારો દ્વારા તૈયાર કરાયેલ વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે મુમુક્ષુઓને ખૂબ જ પસંદ આવ્યો હતો.

આ ઉત્સવમાં દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તથા શિકાગો મુમુક્ષુમંડળના સૌજન્યથી તૈયાર કરવામાં આવેલ ત્રય લઘુવિધાનની ઑડિયો સીડીનું વિમોચન બ્ર. શ્રી વજુભાઈ તથા ટ્રસ્ટના પ્રમુખશ્રી હસમુખભાઈ વોરાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

## * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૧૫-૩-૨૦૪૫ને રવિવારના મહા પવિત્ર દિવસે ભવ્ય મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે વઢવાણ ભજન મંડળીએ મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) ઉપસ્થિત હતા, બપોરના શાસ્ત્ર પ્રવચનમાં શ્રી નિરંજનભાઈ (સુરત), શ્રી શૈલેષભાઈ ગાંધી (રાજકોટ), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), દ્વારા અત્યંત ભક્તિભાવથી ભરપૂર શાસ્ત્ર–સ્વાધ્યાય કરાવવામાં આવ્યો હતો. તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) તથા શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) દ્વારા ગુરુ મહિમાપૂર્ણ સુંદર શૈલીથી અધ્યાપન કરાવવામાં આવ્યું હતું.

આ મહોત્સવ પર કાયમી મંડલવિધાનપૂજા ૮૫ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૧,૩૬,૩૨૦=૦૦ ની ઉપજ થઈ હતી.

| | | |
|---|---|---|
| ૧. ૮૩ના અંકમાં ૮૩ × ૯૭૯ | = | ૮૧૨૫૭.૦૦ |
| ૨. પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૦× ૭ | = | ૭,૦૦૦.૦૦ |
| ૩. જિનેન્દ્ર આરતીમાં | = | ૫,૦૧૫.૦૦ |
| ૪. વધાઈના સ્ટેજ પર | = | ૪૩,૦૪૮.૦૦ |
| | કુલ = | ૧,૩૬,૩૨૦.૦૦ |

આ મહોત્સવના આયોજક સતીશચંદ્ર દોશીએ ભોજન વ્યવસ્થા ખૂબ જ સુંદર કરી હતી અને તેઓએ પ્રેમ અને વાત્સલ્યપૂર્વક વિવિધ વ્યંજનો સહ મુમુક્ષુઓનું સ્વામિવાત્સલ્ય કર્યું હતું. આ મહોત્સવનો સમગ્ર ખર્ચ આયોજક શ્રી સતીશચંદ્ર દોશીએ આપ્યો હતો.

❑ ❑ ❑

મંગલ અવસર · શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો નમઃ · અવશ્ય પધારો



## ભક્તિભાવભર્યું મંગલ નિમંત્રણ



શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો

# શ્રી ૧૦૦૮ શાંતિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

**રવિવાર, તા. ૧૭ મે થી શુક્રવાર, તા. ૨૨ મે ૨૦૧૫ સુધી**



પ્રિય તત્ત્વરસિક સાધર્મી ભાઈશ્રી/બહેનશ્રી,

જય જિનેન્દ્ર....શુદ્ધાત્મ સત્કાર....

જિનશાસનના આધારભૂત પરમ પવિત્ર દેવ-શાસ્ત્ર-ગુરુની પરંપરામાં જિનાગમના અદ્‌ભુત રહસ્યોનું ઉદ્‌ઘાટન કરવાવાળા આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સાતિશય પ્રવચનોથી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આત્માર્થપોષક તત્ત્વચર્ચાથી સમસ્ત દેશના મુમુક્ષુ સાધર્મી જિનવાણીના પરમ શાંતિદાયક સિદ્ધાંતોના અમૃતનું પાન કરી રહ્યાં છે. આના જ ફળસ્વરૂપે પૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત આરાધ્ય દેવની આરાધના નિમિત્તે મુંબઈના ઉપનગર વિલેપાર્લામાં અત્યંત મનોહર "શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર" તથા "શ્રી કુંદકુંદ-કહાન સ્વાધ્યાય ભવન"નું નવનિર્માણ થયેલ છે તથા તીર્થધામ સોનગઢની ભવ્ય લઘુ રચના આરસપહાણમાં બનાવવામાં આવેલ છે.

આ જિનાલયના મુખ્ય આકર્ષણરૂપે જીવંત તીર્થંકર શ્રી સીમંધરસ્વામીની ૭૯" ઈંચ ઊંચી અત્યંત મનોહર શ્વેત આરસપહાણની પ્રતિમા તથા આપણા સૌના પરમોપકારી તારણહાર કૃપાનિધાન પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની જીવંત પ્રતિકૃતિ સ્થાપિત કરવામાં આવશે. આ પ્રસંગે ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન રવિવાર, તા. ૧૭ મે ૨૦૧૫ થી શુક્રવાર, ૨૨ મે ૨૦૧૫ સુધી કરવામાં આવેલ છે.

જિનશાસનના આ સર્વોત્કૃષ્ટ મહોત્સવમાં આપશ્રીને સવિનય આમંત્રિત કરતાં અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ. આપશ્રી સહપરિવાર, મિત્રમંડળ સહિત પધારી, આ પવિત્ર મહોત્સવના સાક્ષી બની, અનાદિકાળના મોહને ભૂલી જઈ, પોતાના ચૈતન્ય આનંદનો અનુભવ કરો, એવી ભાવના છે. આ અવસર પર પંચકલ્યાણકની નવીન પ્રસ્તુતિ સાથે પૂજ્ય ગુરુદેવશ્રીનાં મંગલ પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની માંગલિક તત્ત્વચર્ચા તથા દેશના પ્રમુખ વિદ્વાનોના સમાગમનો લાભ પણ પ્રાપ્ત થશે.

અમને પૂર્ણ વિશ્વાસ છે કે આપશ્રી આ મંગલ અવસરે જરૂરથી પધારી જિનશાસન પ્રત્યેના વાત્સલ્ય અને ભક્તિનો પરિચય આપશો. આપશ્રીના આગમનથી અમારા ગૌરવ, વિશ્વાસ તથા આનંદમાં વૃદ્ધિ થશે. આ મહોત્સવમાં પધારવા પહેલાં આપનું આવાસ ફોર્મ તુરંત ભરીને મોકલી આપશો, જેથી અમે આપની યોગ્ય વ્યવસ્થા કરી શકીએ. આપ અમારી વેબસાઈટ પર જઈ ઓનલાઈનથી પણ આવાસ ફોર્મ ભરી શકો છો.

**: નિમંત્રક :**

શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ

[illegible]

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાધ્યાયી) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### માનસ્તંભનો ૬૩મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ

ચૈત્ર સુદ ૧૦ તા. ૨૯-૩-૨૦૧૫, રવિવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૬૩મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

### જાતિસ્મરણ વાર્ષિક દિન

ચૈત્ર વદ-૮, તા. ૧૨-૪-૨૦૧૫ના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### અક્ષય તૃતીયા

વૈશાખ સુદ-૩ તા. ૨૧-૪-૨૦૧૫, મંગળવારના દિવસે શ્રી આદિનાથ ભગવાનને આહારદાનનો દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૬મી જન્મજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૬મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૧૪–૩–૨૦૧૫, શનિવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે વિધાન પૂજન બાદ સર્વે મુમુક્ષુ ભાઈ–બહેનો ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ ઝવેરીના નિવાસસ્થાને ગયા હતા. ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રીની સીડી પ્રવચનબાદ પત્રિકાના વધામણા સહ ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્યાંથી વાજતે–ગાજતે મંગલ પત્રિકા મંડપમાં લાવવામાં આવી હતી. બાદ પત્રિકાનું વાંચન મહોત્સવના સૌજન્યકર્તા શ્રી છગનલાલ કાલીદાસ વાઘર પરિવાર વતી શ્રી બિપીનભાઈ વાઘરે કર્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ.

## (૨૩)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૪૪૧) અશુદ્ધ નિશ્ચયનયથી .................... ભાવનો કર્તા છે.

(૪૪૨) શુભ અને અશુભ પરિણામને ..................... મોક્ષ થાય છે.

(૪૪૩) ............, ................. આત્માની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે.

(૪૪૪) પરમાર્થે ..................... જીવ અસંગ છે.

(૪૪૫) ...................... પરિણામ તે મોક્ષનું કારણ છે.

(૪૪૬) સુખગુણ ................... દ્રવ્યનો છે.

(૪૪૭) ....................તત્ત્વનું શું સ્વરૂપ છે અને તેનું ............. શું છે તે અજ્ઞાની જાણતો નહીં હોવાથી પુણ્યને તે ભલું જાણે છે.

(૪૪૮) ક્રોધાદિભાવ મારું કાર્ય (કર્મ) છે એમ .................. જીવ માને છે.

(૪૪૯) એક સેકંડમાં અનંત ભવનો નાશ કરી નાખવાની તાકાત ................. માં છે.

(૪૫૦) સંસારમાં અનંતાનંત જીવો અનંતુ દુઃખ ................... ન હોવાથી ભોગવે છે.

(૪૫૧) વસ્ત્રાદિકનું ગ્રહણ હોય ત્યાં ................. થઈ શકે છે પણ વસ્ત્રાદિકનું ગ્રહણ હોય ત્યાં ..................... હોઈ શકે નહીં.

(૪૫૨) વીર્ય ગુણની પ્રગટતા .................. કર્મના અભાવથી થાય છે.

(૪૫૩) કર્મોના સ્વભાવને ................... કહે છે.

(૪૫૪) જૈન ધર્મમાં કોઈપણ જાતની શંકા ન કરવી તે જ્ઞાનીને .............. ગુણ હોય છે.

(૪૫૫) જીવને યોગનું કંપન ............. માં ગુણસ્થાન સુધી હોય છે.

(૪૫૬) નિગોદના જીવને .................. પ્રાણ હોય છે.

(૪૫૭) અલોકાકાશનાં પરિણમનમાં લોકાકાશના ................... નિમિત્ત હોય છે.

(૪૫૮) એકેન્દ્રિય જીવને ............. ............ અને ................. લેશ્યા હોય છે.

(૪૫૯) અવધિજ્ઞાન ................ ગતિના સંજ્ઞી જીવોને થઈ શકે છે.

(૪૬૦) સંસારમાં ................. ભાવવાળા જીવ સૌથી ઓછા છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ
# પ્રશ્ન માર્ચ-૨૦૧૫ના
# ઉત્તર

(૪૨૧) નેમિનાથ
(૪૨૨) શુક્લ
(૪૨૩) ઉત્તમ
(૪૨૪) ચંદ્રપ્રભુ
(૪૨૫) રાજગૃહિ
(૪૨૬) ૭૮
(૪૨૭) અસ્તિત્વ
(૪૨૮) ૪૦
(૪૨૯) ૧૧ થી ૧૪
(૪૩૦) સુપાર્શ્વ
(૪૩૧) બે હજાર સાગર
(૪૩૨) ૫
(૪૩૩) ૮
(૪૩૪) ૮૪
(૪૩૫) પીત
(૪૩૬) વિપરીત
(૪૩૭) ગર્ભજ
(૪૩૮) ૧૦૧
(૪૩૯) નિમિત્ત - નૈમિત્તિક
(૪૪૦) સંયોગસિદ્ધ

## (૨૩)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.

(૪૪૧) પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ ...................... ગામમાં થયો હતો.
(પાલેજ, ઉમરાળા, સોનગઢ)

(૪૪૨) પૂજ્ય ગુરુદેવશ્રીના પિતાશ્રીનું નામ .................. છે.
(જેઠાલાલભાઈ, કુંવરજીભાઈ, મોતીચંદભાઈ)

(૪૪૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ પાંચ વર્ષ સુધી ..................... ગામે દુકાને બેસી વેપાર કર્યો હતો. (ઉમરાળા, વડોદરા, પાલેજ)

(૪૪૪) પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાંથી ................... ના દિને પરિવર્તન કર્યું હતું. (વૈશાખ સુદ-૨, ચૈત્ર સુદ-૧૩, શ્રાવણ વદી-૨)

(૪૪૫) પૂજ્ય ગુરુદેવશ્રી નાનપણથી જ વૈરાગી હતા તેથી તેમને બધા ................. કહીને બોલાવતા હતા. (વૈરાગી, સંત, ભગત)

(૪૪૬) પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને મોક્ષમાર્ગ બતાવ્યો તે કારણે તેમનો આપણા ઉપર .................. ઉપકાર છે. (ઘણો જ, અનંત, ન ભૂલી શકાય તેવો)

(૪૪૭) પૂજ્ય ગુરુદેવશ્રીને .................... હોવાના કારણે શાસ્ત્રોના ગહન રહસ્ય ખોલવાની અજબ શક્તિ હતી. (જ્ઞાનનો ક્ષયોપશમ, શ્રુતની લબ્ધિ, શાસ્ત્રોનો અભ્યાસ)

(૪૪૮) પૂજ્ય ગુરુદેવશ્રીની વાતનો જેને હકાર પણ આવે છે તે ................. જીવ છે.
(દૂરભવી, નિકટભવી, અભવી)

(૪૪૯) પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે આ પંચમકાળ પણ .................... કાળ સમાન લાગે છે.
(ચોથા, ત્રીજા, બીજા)

(૪૫૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મક્રાંતિ કરી તેથી તેમને ............................ કહેવાય છે. (તારણહાર, અધ્યાત્મયુગસ્રષ્ટા, ઉપકારી)

(૪૫૧) પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય અને પોતે જ બનાવેલ કાવ્ય ........................
(દૂર ! કા પ્રભુ, શિવરમણી રમનાર તું, અપૂર્વ અવસર એવો)

(૪૫૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ ...................... ભગવાનના આડતિયા થઈ અહીં આવ્યા હતા.
(મહાવીર, સીમંધર, પાર્શ્વનાથ)

(૪૫૩) જિનદેવની આજ્ઞાને માને તેને સાચો ..................... કહેવાય છે.
(મુમુક્ષુ, જૈન, ભક્ત)

(૪૫૪) મોક્ષનો કાળ ....................... હોય છે. (અનાદિ સાંત, સાદિ અનંત, સાદિ સાંત)

(૪૫૫) મોક્ષમાર્ગનો કાળ .................. હોય છે. (અનાદિ સાંત, સાદિ અનંત, સાદિ સાંત)

(૪૫૬) .................... પૂર્વાપર વિરોધ રહિત જિનવાણીની રચના કરે છે. (આચાર્યદેવ, શ્રાવક, આર્યિકા)

(૪૫૭) પઠન પાઠનના અધિકારી અને ૨૫ ગુણધારીને ........................ પરમેષ્ઠી કહે છે. (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)

(૪૫૮) જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય છે તેને ..................... ગુણ કહે છે. (દ્રવ્યત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ)

(૪૫૯) સાત તત્ત્વોમાં પ્રગટ કરવાની અપેક્ષાએ પરમ ઉપાદેય ....................... તત્ત્વ છે. (મોક્ષ, સંવર, નિર્જરા)

(૪૬૦) જે શક્તિના કારણે દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય અવશ્ય હોય છે તેને ........................ ગુણ કહે છે. (અગુરુલઘુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ)

# બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ–૨૦૧૫ના ઉત્તર

(૪૨૧) ફાગણ ૨

(૪૨૨) પૂ. બહેનશ્રી, પૂ. શાંતાબેન

(૪૨૩) શાંતિનાથ, પદ્મપ્રભુ

(૪૨૪) નેમિનાથ

(૪૨૫) ૩ લાઈટ

(૪૨૬) નાનાલાલભાઈ જસાણી

(૪૨૭) ૭૫

(૪૨૮) ૧૯૯૭ શુક્ર

(૪૨૯) ટ્રેન

(૪૩૦) સ્વાધ્યાયમંદિર

(૪૩૧) પૂજ્ય ગુરુદેવ

(૪૩૨) દંડવત્

(૪૩૩) વસુબિંદુ

(૪૩૪) જયપુર

(૪૩૫) શાંત, ઉપશમ, વીતરાગી

(૪૩૬) મહા સુદ-૨

(૪૩૭) સ્વાધ્યાયમંદિર

(૪૩૮) ૪૫

(૪૩૯) સીમંધર

(૪૪૦) પૂજ્ય ગુરુદેવશ્રી

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

✻ આકુળતાવાળા સુખથી પણ શરીરનો વ્યાધિ ભૂલી જવાય છે તો અનાકુળતાવાળા સુખથી જગત કેમ ન ભુલાય? અર્થાત્ આત્માના સાચા સુખ વડે સંસારના ગમે તેવાં ઘોર દુઃખો પણ ભૂલી જવાય છે. ૧૧૦.

✻ જગતનો પ્રેમ ઘટાડ્યા સિવાય પરમેષ્ઠીના હૃદયમાં શું છે? તેના કાળજામાં શું છે?—તે સમજાય નહિ. માટે પરમેષ્ઠીનું સ્વરૂપ જાણવા જગતનો પ્રેમ ઘટાડવો. ૧૧૧.

✻ પ્રશ્ન :—જ્ઞાન જ્ઞાનને તો કરે ને?

સમાધાન :—એકલા જ્ઞાનને ન પકડવો, આખા આત્માને અનુભવવો, આ જ્ઞાન-પ્રધાન કથન છે પણ જ્ઞાન સાથે બધી શક્તિના નિર્મળ પરિણામ વડે આત્મા પરિણમે છે. ૧૧૨.

✻ પ્રભુ તો ચૈતન્યઘન છે જેમાં મોક્ષ ને મોક્ષમાર્ગનું કરવું નથી, બંધ ને બંધના કારણનું કરવું નથી. બંધ-મોક્ષના કારણ અને બંધ-મોક્ષના પરિણામથી સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ભગવાન શૂન્ય છે. સમ્યગ્દર્શનના પરિણામથી પણ ત્રિકાળી ધ્રુવ શૂન્ય છે. ઉત્પાદ-વ્યય તો પરિણામ છે, તેને (ધ્રુવ સ્પર્શતું જ નથી તો કરે શી રીતે? ૧૧૩

✻ શુદ્ધ પારિણામિક ભાવ છે તે ભાવનારૂપ નથી, તે વર્તમાન પર્યાયરૂપ નથી. મોક્ષના કારણરૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે ને ત્રિકાળ શુદ્ધ પારિણામિક તે ભાવનારૂપ નથી, એ તો ભાવ છે, રાગ તો ક્યાંય દૂર રહી ગયો. પણ મોક્ષનો માર્ગ પણ ભાવનારૂપ હોવાથી તે શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે. ૧૧૪.

✻ મિથ્યાત્વભાવ છે તે વિકારીભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાયને પણ કે જે આત્માનો સ્વભાવ નથી. તેમજ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે, છતાં પણ સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારકથી થાય છે, પછી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારકથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચય મોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહારરત્નત્રયના રાગથી થાય એમ કેમ બને? ૧૧૫.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૧૫
અંક-૮ * વર્ષ-૯

Posted at Songadh PO
Publish on 1-04-2015
Posted on 1-04-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## કલ્યાણકારી વાણી ટેપમાં

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવશ્રીની શક્તિ કોઈ ગજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા! જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે એવી દૈવી તેમની વાણી હતી. આપણા ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org